# વસ્ત્રાલથી એપરેલ પાર્ક વચ્ચે એલિવેટેડ કોરિડોર પર મેટ્રો રેલનો પ્રથમ સફળ ટેસ્ટ રન



મેટ્રો-મેગા કંપની દ્વારા ગુરુવારે સાંજના સમયે એલિવેટેડ કોરિડોર ઉપર પ્રથમ વાર મેટ્રોનો સફળ ટેસ્ટ રન કરવામાં આવ્યો છે. એપરેલ પાર્કથી અમરાઇવાડી રબારી કોલોની સુધીના એલિવેટેડ કોરિડોર ઉપર મેટ્રોને દોડાવવામાં આવી હતી જેથી નાગરિકોમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. ઠેકઠેકાણે લોકો ધાબા ઉપર ચડી મેટ્રોનો ટેસ્ટ રન નિહાળતા નજરે પડ્યાં હતા. મેટ્રો-મેગા કંપનીએ દાવો કર્યો છે, અગામી માર્ચના પ્રારંભમાં છ કિ.મી.ના પટ્ટામાં મેટ્રો રેલ કોમર્શિયલ ધોરણે દોડતી થઈ જશે.

અકિલા Date: 8-2-19 Page: 16